શ્રી વીતરાગાય નમઃ



# ઉપ્પનેઈવા
# વિગમેઈવા
# ધુવેઈવા

## ગુરુપ્રાણ આગમ બત્રીસી આધારિત પરિચય પુસ્તિકા

૧+

## આગમનાં અજવાળાં


આશીર્વાદ

તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.
પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીદેવા

રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા.
ગુરુણીશ્રી પૂ. વીરમતીબાઈ મ.

આલેખન

– ડૉ. સાધ્વી આરતી
– સાધ્વી સુબોધિકા

# અનંત ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
# શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

25th પુણ્યસ્મૃતિ ઉપલક્ષ

અહો ગુરુદેવ!

આપની આજ્ઞા સહ પરમ કૃપાએ

સાકાર પામેલી ગુરુ પ્રાણ

આગમ બત્રીસી આધારિત

આગમ પરિચય પુસ્તિકાઓ કૃતજ્ઞભાવે

આપના કરકમલમાં અર્પણ... **સમર્પણ...**

# नमस्कार मंत्र

णमो अरिहंताणं

णमो सिद्धाणं

णमो आयरियाणं

णमो उवज्झायाणं

णमो लोए सव्व साहूणं

एसो पंच णमोक्कारो

सव्व पावप्पणासणो

मंगलाणं च सव्वेसिं

पढमं हवइ मंगलं ।

# રાષ્ટ્રસંત પૂ. પરમ ગુરુદેવ
# શ્રી નમ્રમુનિ મ.સા. જીવનપરિચય

| | | |
|---|---|---|
| જન્મ | : | ૨૬ સપ્ટેમ્બર, ૧૯૭૦, નાગપુર |
| સ્વજનો | : | પિતા–શ્રી કનૈયાલાલ ભાયાણી<br>માતા–રત્નકુક્ષિણી પુષ્પાબેન ભાયાણી<br>(પૂ. પ્રબોધિકાબાઈ મ.)<br>ત્રણ ભાઈઓ, એક બહેન |
| વૈરાગ્યભાવ | : | દિવ્ય સંકેતથી, જગતના જીવો પ્રતિ કરૂણા ભાવનાથી |
| દીક્ષા | : | ૧૦ ફેબ્રુઆરી, ૧૯૯૧, રાજકોટ |
| આરાધ્ય ગુરુ | : | તપસમ્રાટ પૂ. ગુરુદેવ<br>શ્રી રતિલાલજી મ. સા. |
| જ્ઞાનાભ્યાસ | : | ૧૯ આગમ કંઠસ્થ |
| પ્રકાશિત સાહિત્ય | : | આરાધ્યમ્ ગ્રંથ, પરમ આરાધ્ય ગ્રંથ, સિદ્ધત્વની યાત્રા ભાગ : ૧, ૨, ૩, ૪, સચિત્ર સામાયિક સૂત્ર, સચિત્ર પ્રતિક્રમણ સૂત્ર, વિચારશું, 'સ્વ'નો સ્વાધ્યાય જેવા અનેક પુસ્તકો ગુજરાતી, હિન્દી અને ઈંગ્લીશમાં, પરમ પ્રેરણા, પરમ વિશ્વાસ, પરમ યુદ્ધ, જેવા પુસ્તકોની શ્રુંખલા ચાલું છે. |

૨૦૦૦ થી **પ્રાણપુષ્પ**(મેગેઝિન)જે ૨૦૦૮ થી **જૈનક્રાંતિ** નામે પ્રકાશિત થાય છે. બાળકો માટે પાક્ષિક **'લુક એન લર્ન'** મેગેઝિન પ્રકાશિત થાય છે.

**પ્રેરિત મિશન્સ** : અર્હમ યુવા સેવા ગ્રુપ, લુક એન લર્ન જૈન જ્ઞાનધામ, શ્રી ઉવસગ્ગહરં ભક્તિગ્રુપ, સોહમ મહિલા મંડળ, પરમ ટિફીન સહાય ગ્રુપ, સિનિયર સિટિઝન ગ્રુપ, સંબોધિ સત્સંગ ગ્રુપ, શાસન પ્રભાવક ગ્રુપ, જૈન આગમ મિશન, જૈન વિશ્વકોશ, જ્ઞાન પ્રકાશન મિશન, ગુરુ સ્પંદન ગ્રુપ, ડિવાઈન ડ્રાઈવ મિશન, અર્હમ હેલ્પ (કોલકતા)

**પ્રેરિત ધર્મસંકુલ** : શ્રી ઉવસગ્ગહર સાધના ભવન-રાજકોટ, પારસધામ-ઘાટકોપર, પાવનધામ-કાંદિવલી, પાવનધામ-બરોડા, પારસધામ-કોલકતા, પાવનધામ-હાવડા, પરમધામ- પડઘા, પારસધામ-જામનગર, પારસધામ-ગિરનાર.

**ડિજીટલ પારસધામ મિશન :**

દેશ-વિદેશના ભાવિકોમાં પ્રભુવચનોની પ્રભાવનાના માધ્યમો...

**www.parasdham.org**
**www.youtube.com/Parasdham TV**
**www.facebook.com/Parasdhamindia**
**www.instagram.com/Parasdham**
**www.Soundcloud.com/Parasdham**
**Zoom Live**

**પુણ્યભીના પદ સન્માન :**
શાસન પ્રભાવક, શાસન અરૂણોદય, યુવા હૃદયસમ્રાટ, યુગદષ્ટા, ક્રાંતિવીર, યુગ દિવાકર, રાષ્ટ્રસંત, પરમ ગુરુદેવ

**દીક્ષા પ્રદાન** : ૨૦૧૪ થી ૨૦૨૨ સુધી ૫૭ પુણ્યાત્માઓને દીક્ષા અર્પણ કરી.

**વિહાર ક્ષેત્રો** : સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, પૂર્વભારત, ઉત્તર ભારત-દિલ્હી, ઋષિકેશ, બિહાર, ઝારખંડ, ચેન્નાઈ, રાજસ્થાન, આંધપ્રદેશ-વિશાખાપટ્ટનમ, કર્ણાટક, તેલંગના, કચ્છ

**સંથારાની સાધના** : ૨૦૦૬ થી ૨૦૨૨ સુધી અનેક સંત-સતીજીઓ, શ્રાવક-શ્રાવિકાઓ અને ગુરુભક્તોને સંથારાની સાધના કરાવી.

## વાત્સલ્યમૂર્તિ, વિશાળ પરિવાર ધારક, પૂજ્યવરા

## પૂ.મુક્તાબાઈ મહાસતીજીનો પરિચય

| | |
|---|---|
| જન્મ – | તા. ૦૧–૦૭–૧૯૩૦, સં. ૧૯૮૬ અષાઢ સુદ–પ મંગળવાર, ધારી. |
| સ્વજનો – | પિતાશ્રી નરભેરામભાઈ ભાયાણી. જન્મદાત્રી માતા ધોળીબેન, ૭ બહેનો, બે ભાઈ. દીક્ષિતબેન પૂ.સુમનબાઈ મ. |
| શ્વસુર પક્ષ– | શ્વસુર શ્રી ભગવાનજીભાઈ મકાણી (ખારા) સાસુ–નાથીબેન, પતિ–શ્રીભાયચંદભાઈ |
| વૈરાગ્યભાવ– | પતિવિયોગે – ૧૯મા વર્ષે, પૂ.પ્રાણગુરુદેવ તથા તપોધની ગુરુદેવ પૂ.રતિલાલજી મહારાજ સાહેબના સદુપદેશથી |
| દીક્ષા – | ૨૭–૦૧–૧૯૫૨, સં. ૨૦૦૮ ફાગણ સુદ–૨ બુધવાર, વડીયા–દેવળી |
| દીક્ષા દાતા– | આચાર્ય પૂ. પુરુષોત્તમજી મહારાજ સાહેબ |

| | |
|---|---|
| ગુરુ – | સૌરાષ્ટ્ર કેસરી પૂ.પ્રાણલાલજી મ.સા. |
| ગુરુબંધુ– | તપસ્વી. પૂ.રતિલાલજી મહારાજ સાહેબ |
| ગુરુણી – | ખમીરવંતા પૂ. ફૂલકુંવરબાઈ મહાસતીજી, સૌમ્યમૂર્તિ પૂ.અંબાબાઈ મહાસતીજી. |
| ગુરુભગિની – | ભાવયોગિની પૂ.લીલમબાઈ મ. |
| જ્ઞાનાભ્યાસ – | જૈનાગમો, થોકડા, સજ્ઝાયો, કર્મગ્રંથ વગેરે, ત્રણ વર્ષ શ્રમણી વિદ્યાપીઠ–ઘાટકોપર |
| તપ સાધના– | માસખમણ–૨, સિદ્ધિતપ–૩, સોળ ઉપવાસ, નવાઈ, અઠ્ઠાઈ, વરસીતપ– ૫, આયંબિલ ઓળી, એકાસણા આદિ નાની–મોટી તપસ્યા |
| ઉજ્જવળ ગુણો– | ઉદારતા, વિશાળતા, ગંભીરતા, વાત્સલ્યતા, નિરભિમાનતા, સરળતા, સહનશીલતા. |
| દીક્ષા પર્યાય– | ૫૫ વર્ષ |
| વિહાર ક્ષેત્ર– | સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર |
| પરિવાર – | શિષ્યા–પ્રશિષ્યા સહ ૮૦ ઠાણા મુકત–લીલમ પરિવાર. |

# શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસીના પ્રધાન સંપાદિકા, ભાવયોગિની, ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મહાસતીજીનો પરિચય

જન્મ – તા. ૨૭–૦૭–૧૯૩૨ શ્રાવણ સુદ–૫ (માસખમણધર)–બુધવાર, (સાવરકુંડલા)

સ્વજનો – રત્નકુક્ષિણી માતા વ્રજકુંવરબેન, પિતા શ્રી જમનાદાસ અમરશી તેજાણી પાંચભાઈ, બે બહેનો

વૈરાગ્યભાવ– ગુરુ પ્રાણના દર્શને તથા છકાયના બોલના જ્ઞાને, સર્વ જીવોની અનુકંપાના ભાવે

દીક્ષા – સં. ૨૦૦૯ ફાગણ વદ ૧૧ા સાવરકુંડલા

દીક્ષા ગુરુ – સૌરાષ્ટ્ર કેસરી પૂ.પ્રાણલાલજી મહારાજ સાહેબ.

ગુરુબંધુ– તપોધની પૂ.રતિલાલજી મહારાજ સાહેબ.

ગુરુણી – ખમીરવંતા પૂ.ફૂલકુંવરબાઈ મહાસતીજી, સૌમ્યમૂર્તિ પૂ.અંબાબાઈ મહાસતીજી.

વડીલ ગુરુભગિની– પૂજયવરા પૂ.મુકતાબાઈ મહાસતીજી

જ્ઞાનાભ્યાસ – સંસ્કૃત, પ્રાકૃત, જૈનાગમો, કર્મગ્રંથો, દિગંબર સાહિત્ય.

| | |
|---|---|
| તપ સાધના- | અટ્ઠાઈ, નવાઈ, વિશિષ્ટ અભિગ્રહો. વિવિધ પ્રકારે વૃતિસંક્ષેપ |
| પ્રકાશિત-સાહિત્ય- | ✶ ગુરુ પ્રાણ આગમ બત્રીસીના પ્રધાન સંપાદિકા.<br>✶ શ્રી આચારાંગસૂત્ર, શ્રી દશવૈકાલિક સૂત્રના ગુજરાતી ભાવાર્થ,<br>✶ 'દૃષ્ટા-દૃષ્ટિ-દર્શન'-પૂ.ડુંગરસિંહજી મહારાજ સાહેબનું સચિત્ર ભકતામર.<br>✶ સચિત્ર ભકતામર સ્તોત્ર,<br>✶ આમ્ર સ્તવન માધુરી. |
| જીવંત ગુણો- | ગુર્વાજ્ઞાપાલન, સમર્પણ, સરળતા, નિયમિતતા, વિનયભાવ, શ્રુતભકિત, ઉત્કૃષ્ટ સંયમપાલનની તીવ્રતમન્ના, સ્વાવલંબીપણુ, સ્વાધ્યાય-ધ્યાન રુચિ |
| વિહારક્ષેત્ર - | સૌરાષ્ટ, ગુજરાત, મુંબઈ, કર્ણાટક, તામિલનાડુ, કેરળ આદિ દક્ષિણ ભારત. |
| દીક્ષા પર્યાય- | ૫૪ વર્ષ |
| પરિવાર - | શિષ્યા-પ્રશિષ્યા સહ ૮૦ ઠાણા મુકત-લીલમ પરિવાર. |

# આગમનાં અજવાળાં

पापस्यौषधं शास्त्रं, शास्त्रं पुण्य निबन्धनं ।
चक्षुः सर्वगतं शास्त्रं, शास्त्रं सर्वार्थसाधनम्

**ગાથાર્થ** – શાસ્ત્ર–આગમ પાપરોગનું શમન કરનારું ઔષધ છે. શાસ્ત્ર પુણ્યનું શ્રેષ્ઠ કારણ છે. શાસ્ત્ર સર્વ પદાર્થોનું દર્શન કરાવનારા ચક્ષુ છે. શાસ્ત્ર સર્વ અર્થનું સાધન છે.

शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मिन् नियमात् सर्वसिद्धयः ।।

**ગાથાર્થ** – શાસ્ત્ર(આગમ)ને આગળ રાખવાથી, વીતરાગ આગળ રહે છે અને જે વીતરાગને આગળ રાખે છે, તેને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

शास्त्रोक्ताचारकर्ता च शास्त्रज्ञः शास्त्रदेशकः ।
शास्त्रैकदृग् महायोगी, प्राप्नोति परमं पदम् ।।

**ગાથાર્થ** – શાસ્ત્રોકત અર્થાત્ આગમ કથિત આચારનું આચરણ કરનારા, શાસ્ત્રના જ્ઞાતા, શાસ્ત્રના ઉપદેશક, એક શાસ્ત્ર દષ્ટિએ જ જોનારા મહાયોગીઓ પરમપદને પ્રાપ્ત કરે છે.

તીર્થંકર, કેવળજ્ઞાની, સર્વજ્ઞ, વીતરાગ પ્રભુની

મૌલિકવાણી આગમ કહેવાય છે. **આ-આત્મા તરફ, ગમ-ગમન કરાવે તે આગમ. આ-આત્માનું, ગમ-ભાન કરાવે તે આગમ.** તીર્થંકર પરમાત્માના ઉપદેશના માધ્યમે જીવ જન્મ અને જીવનને સફળ બનાવવાની ગમ-સમજણ પ્રાપ્ત કરે છે, માટે **ભગવાનનો ઉપદેશ આગમ કહેવાય છે.** તીર્થંકર પરમાત્મા દેવાધિદેવ ભગવાનની દેશના, ભગવાનનો ઉપદેશ, ભગવાનના વચન કે ભગવાનના પ્રવચનને આગમ કહે છે. આગમ મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ કરે છે. આગમ આત્માને પરભાવમાંથી સ્વભાવમાં લઈ જાય છે. જીવની પરમ શુદ્ધાવસ્થા મોક્ષ છે અને મલિનાવસ્થા સંસાર છે, આ સનાતન સત્યને આગમ ઉદ્‌ઘોષિત કરે છે. ભવભ્રમણ અટકાવી, શિવસ્વરૂપી આત્મામાં રમણ કરાવે, તેવા ભાવધર્મને આગમ પ્રકાશિત કરે છે. આગમ વિદ્યમાન છે ત્યાં સુધી શાસન વિદ્યમાન રહે છે અને જયાં સુધી શાસન વિદ્યમાન છે ત્યાં સુધી જીવના સુખ, સલામતિ અને સદ્‌ગતિ વિદ્યમાન રહે છે. આત્માની ઓળખાણ કરાવે, મુકિત પ્રતિ પ્રયાણ કરાવે તે આગમ. સંક્ષેપમાં જૈનોના મૂળભૂત-મૌલિક ધર્મગ્રંથો આગમ કહેવાય છે. આગમ, શ્રુત, શાસ્ત્ર કે

સિદ્ધાંત, આ શબ્દો એક અર્થના સૂચક છે.

ચરમ તીર્થંકર પરમાત્મા મહાવીર સ્વામીએ સાડાબાર વર્ષની અખંડ સાધનાના અંતે વૈશાખ સુદ-૧૦ ની સાંજે કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યું. તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે પૂર્વના ત્રીજા ભવમાં બાંધેલા તીર્થંકરનામકર્મનો ઉદય થાય છે અને તેઓ તીર્થ પ્રવર્તાવવા ઉદ્યમવંત બને છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ વૈશાખ સુદ-૧૧ ના સવારે તીર્થની સ્થાપના કરી. તીર્થ સ્થાપના એટલે ગણધર, દ્વાદશાંગી અને ચતુર્વિધ સંઘની સ્થાપના. ભગવાને સૌ પ્રથમ શ્રમણધર્મ અને શ્રાવકધર્મને સમજાવતી, સંસાર સાગરને પાર કરાવનારી, ભવજલતારિણી, દુઃખમુક્તિદાયિની, શિવસુખદાયિની, દેશના આપી અર્થાત્ ઉપદેશ આપ્યો. સમવસરણ (ધર્મસભા)માં ઉપસ્થિત ભવ્ય નર-નારીઓ પરમાત્મા પાસે પાંચ મહાવ્રત અંગીકાર કરી સર્વવિરતિ સંયમ જીવનનો સ્વીકાર કરે છે અને કેટલાક ભવ્ય નર-નારીઓ પાંચ અણુવ્રત ધારણ કરી, દેશવિરતિ સંયમ જીવનનો સ્વીકાર કરે છે. આ રીતે ચતુર્વિધ સંઘની સ્થાપના થાય છે. તે સમયે બીજબુદ્ધિના સ્વામી શ્રી

ઈન્દ્રભૂતિ ગૌતમ અણગારે પરમાત્માને પ્રદક્ષિણા કરીને વંદન કર્યા અને નમ્રભાવે ભગવાનને પ્રશ્ન પૂછ્યો– **ગૌતમસ્વામી** – भयवं किं तत्तं – ભગવાન ! તત્ત્વ શું છે ? **ભગવાન** – उप्पन्नेइ वा । આ સંસારમાં દરેક પદાર્થ ઉત્પન્ન થાય છે. ગૌતમ અણગારને થયું કે પદાર્થો ઉત્પન્ન થયા જ કરે, તો આખું જગત પદાર્થોથી ભરાય જાય એટલે પુનઃ પૂછ્યું. **ગૌતમસ્વામી**– भयवं किं तत्तं ? ભગવાન તત્ત્વ શું છે ? **ભગવાન**–विगमेइ वा ? ઉત્પન્ન થયેલા સર્વ પદાર્થો નાશ પામે છે. ઉત્પન્ન થયેલા પદાર્થો તુરંત નાશ પામે, તેવું કેમ બને ? તેવો પ્રશ્ન મનમાં ઉઠયો એટલે પુનઃ પ્રશ્ન પૂછ્યો. **ગૌતમસ્વામી** – भयवं किं ततं ? ભગવાન ! તત્ત્વ શું છે ? **ભગવાન** धुवेइ वा । વસ્તુ ધ્રુવ છે. ગૌતમ અણગારના ભગવાન સાથેના આ પ્રશ્નોત્તરથી ગણધર બનવા યોગ્ય જીવોના હૃદય સંપૂર્ણ સમાધાનને પામ્યા. ભગવાનના આ ત્રણ વચનો –उप्पन्नेइ वा, विगमेइवा, ध्रुवेइवा, ત્રિપદી રૂપે પ્રતિષ્ઠિત થયા. આ ત્રિપદી સાંભળતા જ અગિયાર અણગારોને ચૌદ પૂર્વસહિત દ્વાદશાંગીનો બોધ થઈ ગયો. ભગવાને તેઓને

ગણધરપદ ઉપર સ્થાપિત કર્યા અને તે ગણધર ભગવંતોએ અંતર્મૂહૂર્ત માત્રમાં ચૌદપૂર્વ યુકત વિશાળ દ્વાદશાંગીની રચના કરી.

उत्पादो विगमो ध्रौव्यमिति पुण्यां पदत्रयीम् ।
उद्दिदेश जगन्नाथ सर्व वाङ्मय मातृकाम् ।।
सचतुर्दश पूर्वाणि द्वादशाङगानि ते क्रमात् ।
ततो विरचयामासुस्तत्रिपद्यनुसारतः ।।

*-હેમચંદ્રાચાર્યકૃત ત્રિષષ્ટિ શલાકા પુરુષચરિત મહાકાવ્ય*

**ગાથાર્થ** - જગતના નાથ તીર્થંકર પરમાત્મા ગણધર પદની યોગ્યતાવાળા સાધુઓને સર્વ વાઙમય (સાહિત્ય)ના માતૃકા સ્થાન રૂપ પુણ્યમય-પવિત્ર એવા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, આ ત્રણ પદનો ઉપદેશ આપે છે. ત્યાર પછી આ ત્રણ પદને અનુસરીને ગણધરો શીઘ્ર ચૌદપૂર્વ સહિત બાર અંગ સૂત્રની ક્રમશઃ રચના કરે છે.

साधुष्वथो गणधर पद योग्या भवंति ये ।
उत्पत्तिनाशध्रौव्यार्था त्रिपदी शिक्षयंति तान् ।।
अधीत्य त्रिपदीं तेऽपि मुहूर्ताद बीज बुद्धयः ।
रचयंति द्वादशांगीं विचित्ररचनां चितां ।।

લોક પ્રકાશ સર્ગ-૪૦

ગાથાર્થ - સાધુઓમાં જે ગણધર પદને યોગ્ય હોય તેમને ભગવાન ઉત્પત્તિ, નાશ અને ધ્રૌવ્ય અર્થવાળી ત્રિપદીનું શિક્ષણ આપે છે. તે ત્રિપદીનો અભ્યાસ કરતાં, તેઓ બીજ-બુદ્ધિવાળા હોવાથી મુહૂર્ત માત્ર (બે ઘડી)માં વિવિધ પ્રકારની રચનાવાળી દ્વાદશાંગી - બાર અંગ સૂત્રની રચના કરે છે. ભગવાનની વાણી જુગ-જુગ જૂનાં અંધારા દૂર કરે છે અને ગણધર ભગવંતો જગતને અનસ્તશ્રુત જ્ઞાનની અનુપમ ભેટ ધરે છે.

દ્વાદશાંગીના મૂળ રૂપ ત્રિપદીને માતૃકા પદ પણ કહે છે. उप्पन्ने इ वा એટલે વસ્તુ ઉત્પન્ન થાય છે. विगमेइ वा એટલે વસ્તુ નાશ પામે છે અને धुवे इ वा એટલે વસ્તુ ધ્રુવ છે, શાશ્વત છે. પ્રત્યેક વસ્તુ કે પદાર્થ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અર્થાત્ ધ્રુવ છે અને પર્યાયની-અવસ્થાની અપેક્ષાએ અનિત્ય છે. પ્રત્યેક પદાર્થો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. સર્વ દ્રવ્ય નિત્ય-અનિત્ય સ્વભાવ ધરાવે છે. આ ત્રિપદી આગમના સારરૂપ છે. से णिच्चणिच्चेहिं समिक्खपण्णे । -સૂયગડાંગ સૂત્ર - ૬/૪

સમુદ્રમાં મોજા ઉત્પન્ન થાય છે અને નાશ પામે

છે, પરંતુ પાણી તેનું તે જ રહે છે. માટીમાંથી ઘડો બનાવવામાં આવે ત્યારે ઘડાની ઉત્પતિ થાય છે, ઘડો ફૂટી જાય ત્યારે ઘડાનો નાશ થાય છે પરંતુ આ બંને અવસ્થામાં માટી કાયમ ટકી રહે છે. સોનામાંથી કંકણ ઘડવામાં આવે ત્યારે કંકણની ઉત્પતિ થાય છે, કંકણમાંથી કુંડળ બનાવવામાં આવે ત્યારે કંકણનો નાશ થાય છે, પણ સોનું કાયમ રહે છે. બાલ્યાવસ્થા વ્યતીત થાય અને યુવાવસ્થાનો પ્રારંભ થાય છે પરંતુ વ્યકિત તેની તે જ રહે છે. મનુષ્ય રૂપે જન્મ થાય એટલે મનુષ્ય પર્યાયની ઉત્પત્તિ થાય છે, મનુષ્યનું આયુષ્ય પૂર્ણ થાય, ત્યારે મનુષ્ય પર્યાયનો નાશ થાય છે, પરંતુ જીવ કાયમ રહે છે, જીવ ધ્રુવ છે.

આ રીતે જડ કે ચેતન કોઈ પણ પદાર્થોની અવસ્થાઓ, પર્યાયો પલટાતી રહે છે. પર્યાયો અનિત્ય છે, તેમાં પરિવર્તન થતું જ રહે છે, તેમ છતાં તેનું મૂળ સ્વરૂપ હંમેશાં ટકી રહે છે. જગતના તમામ પદાર્થો, સર્વ દ્રવ્યો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય રૂપ ત્રિપદીમાં સમાવિષ્ટ થઈ જાય છે. उत्पाद व्यय ध्रौव्य युक्तं सत् – ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુકત હોય તે સત્ છે, यत् सत् तत्द्रव्यम्–

જે સત્ છે તે દ્રવ્ય કહેવાય છે.

પોતાના નિજ દ્રવ્ય તરફ દષ્ટિ કરવામાં આવે, તો તે નિત્ય, ધ્રુવ, શાશ્વત છે. આત્મ દ્રવ્ય પોતે પોતાના નિજ સ્વભાવમાં કાયમ માટે સ્થિત જ છે. શુદ્ધ આત્મ સ્વરૂપમાં સ્થિત થઈ જવું, તે જ અધ્યાત્મ છે. દ્રવ્ય દષ્ટિ કેળવવાથી આત્મ રમણતા થાય છે.

આત્માની વૈભાવિક પરિસ્થિતિઓ (અવસ્થાઓ) ઉત્પાદ, વ્યયના સ્વભાવવાળી છે. મોહજન્ય સર્વ વિકારો –રાગ, આસકિત, દ્વેષાદિ ભાવોમાં ઉત્પાદ, વ્યય થયા કરે છે. વિચાર, વસ્તુ કે વ્યકિત પ્રત્યે રાગાદિ ભાવો ઉત્પન્ન થાય ત્યારે પર્યાય દષ્ટિએ જોવાથી સમજાય જાય છે કે આ તેની પરિવર્તન સ્વભાવવાળી અવસ્થા છે, પર્યાય છે. જે પર્યાય ઉત્પન્ન થઈ છે તે નાશનો સ્વભાવ લઈને જ ઉત્પન્ન થઈ છે. તેમ પર્યાય દષ્ટિથી વસ્તુની અનિત્યતા સમજાય છે, અને તેની અનિત્યતા સમજાતાં જ રાગ કે દ્વેષ રૂપ વિભાવ શમી જાય છે અને આત્મા સમભાવમાં સ્થિત થઈ જાય છે. આ રીતે જગતના સર્વ પદાર્થો અને આત્મિક જગતના આધ્યાત્મિકતાના સર્વ રહસ્યો, સર્વ સિદ્ધાંતો ત્રિપદીમાં ગર્ભિત છે.

## દ્વાદશાંગી પરિચય

૧) **આચારાંગસૂત્રમાં** સંયમી જીવનના આચાર-વિચારનું વિસ્તૃત વર્ણન છે.

૨) **સૂયગડાંગસૂત્રમાં** અહિંસાનું સમર્થન છે અને એકાંતે ક્રિયાવાદી-અક્રિયાવાદીનું ખંડન કરાયું છે.

૩) **ઠાણાંગસૂત્રમાં** એકથી દશ સંખ્યાના ક્રમે વિવિધ વિષયોનું નિરૂપણ છે.

૪) **સમવાયાંગસૂત્રમાં** ૧ થી ૧૦૦ સંખ્યાત-અસંખ્યાતના ક્રમે વિષય નિરૂપણ તથા ૬૩ શ્લાઘનીય પુરુષોનો પરિચય છે.

૫) **ભગવતીસૂત્રમાં** ગૌતમ સ્વામી વગેરેના ૩૬૦૦૦ પ્રશ્નો તથા તેના ઉત્તરો છે.

૬) **જ્ઞાતાધર્મકથાંગસૂત્ર**માં કથાત્મક ઉપદેશધારા વહે છે.

૭) **ઉપાસકદશાંગસૂત્ર**માં ૧૦ શ્રેષ્ઠ શ્રાવકોના જીવનચરિત્ર છે.

૮) **અંતકૃત્‌દશાંગ સૂત્રમાં** તે જ ભવમાં મોક્ષે જનારા ૯૦ પુણ્યાત્માઓનો પરિચય કરાવ્યો છે.

૯) **અનુત્તરોપપાતિકસૂત્રમાં** સંયમ-તપનું પાલન કરીને અનુત્તર વિમાનમાં જનારા આત્માઓનું નિરૂપણ છે.

૧૦) **પ્રશ્નવ્યાકરણસૂત્રમાં** આશ્રવ અને સંવર માર્ગનું નિરૂપણ છે.

૧૧) **વિપાકસૂત્રમાં** સુખ-દુઃખના વિપાકોનું હૃદયંગમ વર્ણન છે.

૧૨) **દષ્ટિવાદસૂત્રમાં** ચૌદ પૂર્વ અને તાત્ત્વિક પદાર્થોનું નિરૂપણ છે.

**આગમભાષા-** આગમો અર્ધમાગધી ભાષામાં રચાયેલા છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું વિચરણ મુખ્યતયા બિહાર પ્રાંતમાં હતું. ભગવાને બિહારની પ્રાદેશિક ભાષા- અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપ્યો અને ગણધરોએ તે જ ઉપદેશને તે જ અર્ધમાગધી ભાષામાં સૂત્રબદ્ધ કર્યો. તે સમયમાં વર્તમાનનું બિહાર રાજય મગધદેશ તરીકે પ્રખ્યાત હતું. મગધના લોકો જે ભાષા બોલતા તે માગધી ભાષા કહેવાતી હતી. મગધની આસપાસના વૈશાલી, સમસ્તીપુર, નેપાલ, કાશી વગેરે સ્થાનોની ભાષાનો પ્રભાવ અર્ધમાગધી ભાષા ઉપર પડયો અર્થાત્ અર્ધમાગધી ભાષા સાથે

અપભ્રંશ, પાલી, પિશાચી, રાક્ષસી, શૌરસેની, કાશ્મીરી વગેરે ભાષાઓનું મિશ્રણ થયું. અર્ધામાં માગધીભાષા અને અર્ધામાં અપભ્રંશ વગેરે ભાષાઓ સમાયેલી હોવાથી આ ભાષાને અર્ધમાગધી કહેવામાં આવતી હતી. આ ભાષા સહજ, સરળ ઉચ્ચારણવાળી છે. બોલવામાં વધુ પ્રયાસ કરવો પડે, જીભને મરોડવી પડે, તેવા સંયુકત, કિલષ્ટ, ઉચ્ચારવાળા શબ્દો આ ભાષામાં નથી. આ રીતે ભગવાને સરળ, સહજ અને લોકભાષામાં ઉપદેશ આપ્યો.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના અગિયાર શિષ્યોએ પોત-પોતાની રીતે દ્વાદશાંગીની રચના કરી અને પોતાના શિષ્યવર્ગને તે દ્વાદશાંગીની વાચના આપતા. સામાન્યરૂપે જે તીર્થંકર પ્રભુના જેટલા ગણધર હોય તેટલી તેમની વાચના કહેવાતી. ભગવાન મહાવીર સ્વામીના અગિયાર ગણધરોએ પોત-પોતાની રીતે દ્વાદશાંગીની રચના કરી. ભગવાન મહાવીર સ્વામીના અગિયાર ગણધરોમાંથી અકંપિત તથા અચલભ્રાતા ગણધરની અને મેતાર્ય તથા પ્રભાસ ગણધરની વાચના સમાન હોવાથી નવગણ કે નવવાચના પ્રચલિત બની. પ્રભુ નિર્વાણ પામ્યા ત્યારે પ્રથમ ગૌતમ ગણધર અને

પાંચમા સુધર્મા સ્વામી સિવાયના નવ ગણધરો નિર્વાણ પદને પ્રાપ્ત થઈ ગયા હતા. ભગવાન નિર્વાણ પામ્યા તે જ રાતે ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન પ્રગટ થયું. છદ્મસ્થ ગુરુ જ શિષ્યની સારણા-દોષાદિનું સ્મરણ કરાવવું, વારણા- અનાચાર સેવનથી અટકાવવા વગેરે કાર્ય કરી શકે, કેવળી ભગવાન શિષ્યોની સારણા, વારણાદિ કરી શકતા નથી, તેથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પ્રથમ પાટે પ્રથમ આચાર્યરૂપે પંચમ ગણધર શ્રી સુધર્મા સ્વામી બિરાજમાન થયા. વર્તમાનમાં ઉપલબ્ધ અંગસૂત્રો શ્રી સુધર્મા સ્વામીની રચના છે. તેઓએ પોતે રચેલી દ્વાદશાંગીનું જ્ઞાન પોતાના શિષ્યોને આપ્યું. તેમના પછી શ્રી જંબૂસ્વામી બીજા આચાર્ય થયા. તેઓએ તે જ (સુધર્મા સ્વામી પાસેથી પ્રાપ્ત) શ્રુત પોતાના શિષ્યોને આપ્યું અને ત્રીજા આચાર્ય પ્રભવસ્વામી થયા. તત્પશ્ચાત્ ચોથા શય્યંભવાચાર્ય, પાંચમા યશોભદ્રાચાર્ય, છટ્ઠા સંભૂતિવિજય આચાર્ય, સાતમા શ્રી ભદ્રબાહુ સ્વામી થયા. આ રીતે ભગવાન મહાવીર સ્વામી પ્રદત્ત, ગણધર સુધર્માસ્વામી દ્વારા ગ્રંથિત અંગરૂપ આગમો પ્રવાહિત થયા. તે સમયમાં શ્રુતને લખવાની પ્રવૃત્તિ ન હતી. દ્વાદશાંગી-શ્રુતજ્ઞાન કંઠોપકંઠ રૂપે સુરક્ષિત હતું. આ

રીતે ભગવાન મહાવીર સ્વામીનો આ શ્રુતવારસો અક્ષુણ્ણ ચાલતો રહ્યો. આચાર્ય ભદ્રબાહુ સ્વામી અંતિમ શ્રુત કેવળી થયા. શ્રી ભદ્રબાહુ સ્વામીના કાળમાં દેશમાં ૧૨-૧૨ વર્ષના બે ભીષણ દુકાળ પડયા. આ દુકાળમાં ભિક્ષાની દુર્લભતા થવાથી સાધુ ભગવંતોની ક્ષીણ થયેલી સ્મરણ શકિત વધુ મંદ પડી ગઈ, સ્વાધ્યાય નહિવત્ થવાથી દ્વાદશાંગીનું દષ્ટિવાદ નામનું બારમું અંગ શાસ્ત્ર લુપ્ત પ્રાયઃ થવા લાગ્યું.

**આગમ વાચના-પ્રથમ વાચના મગધસંઘ-પાટલીપુત્ર**

પ્રભુવીરના નિર્વાણ પછી ૧૬૦ વર્ષે નંદરાજાના રાજયમાં ઉપરાઉપરી ૧૨ વર્ષનો મહાભીષણ દુકાળ પડવાથી સંઘનો નિર્વાહ મુશ્કેલ થયો. કંઠસ્થ શ્રુત વિસ્મૃત થવા લાગ્યું. સુકાળનું વાતાવરણ સર્જાતા શ્રી સ્થૂલિભદ્રજી સ્વામીની નિશ્રામાં પાટલિપુત્ર (પટણા)માં સમગ્ર સંઘ એકત્રિત થયો. શ્રી સંઘને શ્રુતવિષયક ચિંતા થઈ કે હવે કોની પાસે કેટલા સૂત્ર - અર્થ સ્મૃતિમાં હશે ? જેની પાસે જે શ્રુત, ઉદ્દેશક, અધ્યયન હતા, તેને એકત્રિત કરી વાચના કરી, તેનું નામ પાટલિપુત્ર પરિષદ રૂપે પ્રસિધ્ધ થયું. આચારાંગાદિ ૧૧ અંગ સુવ્યવસ્થિત થઈ ગયા પણ

બારમું દૃષ્ટિવાદસૂત્ર નષ્ટપ્રાયઃ થઈ ગયું હતું. તે સમયે સમગ્ર સંઘમાં એક માત્ર ભદ્રબાહુસ્વામી ૧૪ પૂર્વધર હતા. સંઘ દૃષ્ટિવાદ સૂત્ર માટે ચિંતિત હતો. તે સમયે ભદ્રબાહુ સ્વામી નેપાલમાં મહાપ્રાણ ધ્યાનની સાધનામાં રત હતા. શ્રી સંઘે તેમની પાસે સ્થૂલિભદ્રજી આદિ ૫૦૦ સાધુઓને ૧૪ પૂર્વનું જ્ઞાન ભણવા મોકલ્યા. તેમાંથી માત્ર સ્થૂલિભદ્રજીએ ૧૪ પૂર્વ મૂળસૂત્રથી અને ૨ વસ્તુ ન્યૂન ૧૦ પૂર્વ અર્થથી ગ્રહણ કર્યા.

**બીજી ઉજ્જૈની વાચના** – ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણના બીજા સૈકાથી શ્રુતના નાશની શરૂઆત થઈ હતી. મગધ સંઘે તેને સુવ્યવસ્થિત કરવાનો પ્રયાસ પણ કર્યો, પરંતુ શ્રુત વિચ્છેદના પ્રસંગો ઉત્તરોત્તર વધતા ગયા. વીર નિર્વાણથી ૨૯૧ વર્ષે સંપ્રતિ રાજાના રાજ્યમાં ૧૨ વર્ષનો ભયંકર દુકાળ પડયો, સ્મૃતિભ્રંશથી શ્રુતમાં સ્ખલના થવા લાગી. અનેક પાઠકો, વાચકો કાળધર્મ પામ્યા. તેથી ઘણું શ્રુત નાશ પામ્યું.

'શ્રુત સુરક્ષિત તો શાસન સુરક્ષિત' આ વાતને લક્ષ્યમાં રાખી સમ્રાટ સંપ્રતિ રાજાની વિનંતીથી વીર સં. ૨૯૧ ની આસપાસ આચાર્ય સુહસ્તિસૂરિજીની નિશ્રામાં

આગમ (શ્રુત) સરંક્ષણ વાચના થઈ. તે બીજી ઉજ્જૈની વાચના તરીકે પ્રસિદ્ધિ પામી છે.

**ત્રીજી કલિંગ વાચના** – વીર નિર્વાણ પશ્ચાત્ ૩૦૦ વર્ષે આર્યસુસ્થિતસુરિજી મ. અને આર્ય સુપ્રતિબદ્ધસુરિજી મ.ની નિશ્રામાં સમ્રાટ ખારવેલે કલિંગ દેશમાં ઉદયગિરિ (કુમારગિરિ) પર ચતુર્વિધ સંઘને એકત્રિત કરીને આગમ સાહિત્યને સુરક્ષિત અને વ્યવસ્થિત કરવા માટે આગમ વાચના પરિષદનું આયોજન કર્યુ, તે કલિંગ વાચના તરીકે પ્રસિદ્ધિને પામી છે. આ પરિષદમાં સાધ્વી પ્રમુખા આર્યા પોઈણીના નેતૃત્વમાં ૩૦૦ વિદુષી સાધ્વીજીઓએ પણ ભાગ લીધો હતો. પરિષદને સફળ બનાવવામાં વિદુષી આર્યા પોઈણીએ સુંદર ભાગ ભજવ્યો હતો.

**ચોથી દશપુર વાચના** – વીર પ્રભુથી ૫૯૨ વર્ષે આચાર્યશ્રી આર્યરક્ષિત મહારાજ સાહેબની નિશ્રામાં દશપુરનગરમાં વાચના થઈ. તેમાં આચાર્યશ્રીએ આગમ સાહિત્યને (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) કથાનુયોગ, આ ચાર અનુયોગમાં વિભાજિત કરીને વાચના કરી. સર્વ આગમરૂપી રહસ્યમય તાળાઓને ખોલવા માટે ચાવી રૂપ

‘અનુયોગદ્વાર’ સૂત્રની રચના કરી.

**પાંચમી માથુરી અને છટ્ઠી નાગાર્જુનીય વાચના** - શ્રી વીર પ્રભુના નિર્વાણ પછી નવમા સૈકામાં બાર વર્ષના ભીષણ દુષ્કાળના સમયે સાધુઓ આહાર-પાણી અર્થે અલગ-અલગ સ્થાનોમાં વિચરતા હોવાથી શ્રુતનું ગ્રહણ, પુનરાવર્તન કે ચિંતન ન કરી શકયા, તેથી ઘણું શ્રુત નષ્ટ થયું. સુકાળ થતાં વીર સં. ૮૨૭ થી ૮૪૦ માં મથુરામાં શ્રી સ્કંદિલાચાર્યજીની નિશ્રામાં શ્રીસંઘે શ્રુતરક્ષાર્થે સાધુ સમુદાયને આમંત્રિત કરીને, જેને જે સ્મરણમાં હતું તે બધુ કાલિક શ્રુત એકત્રિત કર્યું. આ દુષ્કાળથી બચવા પામેલા શ્રુતમાં ઘણી મોટી હાનિ થઈ હતી. આ વાચનાને માથુરી વાચના કહેવામાં આવે છે.

માથુરી વાચનાના સમયે જ વલ્લભીપુરનગરમાં આચાર્યશ્રી નાગાર્જુનની અધ્યક્ષતા નીચે આગમ અનુયોગ વાચના થઈ. તે છટ્ઠી નાગાર્જુનીય (વલ્લભી) વાચના તરીકે ઓળખાય છે. માથુરી અને નાગાર્જુનીય વાચનામાં જિનવચન ગ્રંથબદ્ધ કરવામાં આવ્યા. કાળની દુષમતાના કારણે જિનપ્રવચનનો લગભગ ઉચ્છેદ થયો છે, તે જાણીને આચાર્યશ્રી નાગાર્જુન અને શ્રી સ્કન્દિલાચાર્યે શ્રુતને ગ્રંથસ્થ

કર્યા. આ બંને વાચના એક સમયમાં પણ ભિન્ન-ભિન્ન સ્થળે થઈ હોવાથી અને વાચના પશ્ચાત્ બંને આચાર્યોનું મિલન થયું નહી, તેથી પાઠભેદ રહી જવા પામ્યા.

**સાતમી વલ્લભી વાચના** - પ્રભુવીરના નિર્વાણ પછી દશમા સૈકામાં ફરીથી બાર વર્ષના ભયંકર દુષ્કાળે પોતાનો રાક્ષસી પંજો ફેલાવ્યો. આ સમયે ઘણા બહુશ્રુતો આહારની દુષ્પ્રાપ્તિના કારણે કાળધર્મ પામ્યા અને તેથી જીર્ણ શીર્ણ જે શ્રુત સુરક્ષિત હતું તે પણ નષ્ટ થઈ રહ્યું હતું. કાળ ના પ્રભાવના કારણે મનુષ્યના બળ, બુદ્ધિ સ્મરણશકિત વગેરેમાં ઓટ આવતી જોઈને એક પૂર્વધર દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનના રહ્યા-સહ્યા વારસાને બચાવી લેવા તમામ આગમ ગ્રંથોને લિપિબદ્ધ કરી ગ્રંથદેહ આપવાનો નિર્ણય કર્યો અને સુકાળ થયો ત્યારે શેત્રુંજયની તળેટીમાં આવેલા વલ્લીપુરમાં શ્રમણ સંઘનું સંમેલન બોલાવવામાં આવ્યું. વીર સં. ૯૮૦ (વિક્રમ સં. ૫૧૦) મા વર્ષે વલ્લભીપુરમાં શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સાંનિધ્યમાં ૫૦૦ આચાર્યો એકત્રિત થયા અને જેને જે-જે યાદ હતું, તે ત્રુટિત-અત્રુટિત આગમના પાઠોને અનુક્રમે પોતાની મેધાથી સાંકળી ૮૪ આગમશાસ્ત્રોને લિપિબદ્ધ કર્યા.

શ્રી સ્કંદિલાચાર્યની આગમ વાચના (માથુરી વાચના)ના પાઠ અને નાગાર્જુનાચાર્યની આગમ વાચના (વલ્લભી વાચના)ના પાઠોમાં ભિન્નતા હતી. શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ સ્કંદિલીવાચનાના પાઠધર હતા અને આચાર્ય કાલક નાગાર્જુની વાચનાના પાઠધર હતા. બેમાંથી એક પાઠ લખવો અને બીજો પાઠ પાઠાંતર રૂપે સ્વીકારવો, તેમ નકકી થયું. શ્રી દેવર્દ્ધિગણિએ પોતે મેળવેલી પરંપરાના પાઠને પાઠાંતરરૂપે સ્વીકાર્યા અને શ્રી નાગાર્જુની વાચનાના પાઠ, પાઠ રૂપે માન્ય રાખવાની સ્વીકૃતિ આપી. આ રીતે ૮૪ આગમો લખાયા. પાઠ નકકી કરવામાં આવ્યા તે વિરલ ઘટનાને વાચના કહેવામાં આવી. વાચના અને લેખન, આ બંને ઐતિહાસિક કાર્યો વલ્લભીપુરમાં ૧૩ વર્ષે સંપન્ન થયા. દેવર્દ્ધિગણિની નિશ્રામાં ૫૦૦ આચાર્યોના તેર-તેર વર્ષના અખંડ પુરુષાર્થના ફળ સ્વરૂપે આગમ પ્રવાહ આજે આપણા સુધી પહોંચ્યો છે.

દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ એક પૂર્વના જ્ઞાતા હતા. તેમના પછી પૂર્વનું જ્ઞાન સર્વથા વિનિષ્ટ થયું. બારમું અંગશાસ્ત્ર દષ્ટિવાદ વિચ્છેદ ગયું હોવાથી તેઓએ ૧૧ અંગ શાસ્ત્રોને લિપિબદ્ધ કર્યા. ચૌદપૂર્વધર, તેર, બાર

પૂર્વધરથી એક પૂર્વધર સુધીના સ્થવિર ભગવંતોએ પૂર્વશ્રુતના આધારે જે ગ્રંથોની રચના કરી હતી, તેને અંગબાહ્ય સાહિત્ય રૂપે ગ્રંથારૂઢ કર્યા. તાડપત્ર પર લખાયેલા ઘણા આગમો મધ્યકાલીન યુગમાં યવનાદિના હુમલાઓ સમયે નાશ પામ્યા. કાળક્રમે ગણધરો દ્વારા સૂત્રિત આગમો, ૧૧ અંગસૂત્ર રૂપે અને પૂર્વધર સ્થવિર ભગવંતો દ્વારા રચિત ૧૨ ઉપાંગસૂત્ર રૂપે, ચાર મૂળ સૂત્રરૂપે, ૪ છેદ સૂત્ર રૂપે અને એક આવશ્યક આગમ રૂપે, આ રીતે બત્રીસ આગમ રૂપે રૂઢ થયા.

ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણથી ૧૦૦૦ વર્ષ દરમિયાન શ્રુતરક્ષા માટે થયેલી વાચનાઓ.

| સ્થળ | સમય | સાંનિધ્ય | વિશેષતા |
|---|---|---|---|
| ૧. નેપાળ પાટલિપુત્ર | વી.સં. ૧૬૦ | શ્રી ભદ્રબાહુ સ્વામી આચાર્યશ્રી સ્થૂલિભદ્રજી | દ્વાદશાંગીશ્રુત સંકલના વાચના |
| ૨. ઉજ્જૈની | વી.સં. ૨૪૫ થી ૨૯૧ | આચાર્ય સુહસ્તિસૂરિ | સમ્રાટ સંપ્રતિની વિનંતીથી આગમ સંરક્ષણ વાચના |
| ૩. કલિંગ દેશ | વી.સં. ૩૦૦ થી ૩૦૩ | આચાર્ય સુસ્થિતસૂરિ આચાર્ય સુપ્રતિબદ્ધસૂરિ | સમ્રાટ ખારવેલની વિનંતી થી આગમ વાચના |
| ૪. દશપુર નગર | વી.સં. ૫૯૨ | આચાર્ય આર્યરક્ષિત સૂરિ | ચાર અનુયોગ વિભાગ વાચના |
| ૫. મથુરા | વી.સં. ૮૨૭ થી ૮૪૦ | આચાર્ય સ્કંદિલસૂરિ | આગમ અનુયોગ વાચના |

| | | | |
|---|---|---|---|
| ૬. | વલ્લભીપુર વી.સં. ૮૨૭ થી ૮૪૦ | આચાર્ય નાર્ગાર્જુન સૂરિ | આગમ અનુયોગ વાચના |
| ૭. | વલ્લભીપુર વી.સં.૯૮૦ થી ૯૯૩ | આચાર્યશ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ | પુસ્તક લેખન વાચના |

આ આગમ (શ્રુત) જ્ઞાન શાસનની જીવાદોરી છે. આગમ શાસનનો પ્રાણ છે. શ્રુતજ્ઞાન સર્વથા નષ્ટ પામે તો શાસન નષ્ટ પામે. પૂર્વધરોના સમયમાં દ્વાદશાંગી રૂપ શ્રુતજ્ઞાન કંઠે અને હૃદયે સમાયેલું હતું. તે શ્રુતજ્ઞાન કુદરતી આફતોના સમયમાં જોખમમાં મુકાયું. દુકાળ, રાજવિગ્રહોના ઉપદ્રવો આવ્યા ત્યારે આચાર્યોએ દ્વાદશાંગીને વ્યવસ્થિત કરી, શ્રુતને સાચવવાનો પુરુષાર્થ કર્યો. તે દૂરંદેશી મહાપુરુષોની કૃપાએ આજે આપણે આગમોની છાયા મેળવી શકયા છીએ. આગમ શાસ્ત્રોમાં જ ચતુર્વિધ સંઘનું બંધારણ છે. તેના આધારે જ પાંચમા આ આરાના અંત સુધી અર્થાત્ ૨૧૦૦૦ વર્ષ સુધી જિનશાસન જયવંતુ રહેશે. આ રીતે આગમ શાસ્ત્રો આપણી મહામૂલી મૂડી છે. આગમોના પ્રહરીઓને અનંત વંદના.

**જગના જીવો મારગ પામે, આગમ એ છે વહાલું,**
**રગરગમાં હો વાસ જ એનો, પ્રાણ થકીએ પ્યારું,**
**ત્રિકાલ અમર બની ગયા, આગમનાં રખવાળાં,**
**યુગો સુધી ઝળહળતા રહેશે આગમનાં અજવાળાં.**

# આગમોનાં નામ

ભગવાન મહાવીરસ્વામી અને તેમની ત્રીજી પાટ સુધી એટલે કે વીર નિર્વાણ પછી ૭૫ વર્ષ સુધી ૧૨ અંગસૂત્રનું જ પઠન-પાઠન થતું હતું. સમવાયાંગ સૂત્રમાં ૧૨ અંગસૂત્રનો નામો લેખ છે, યથા - (૧) આયારે (૨) સુયગડે (૩) ઠાણે (૪) સમવાએ (૫) વિવાહપણ્ણત્તી (૬) ણાયધમ્મકહાઓ (૭) ઉવાસગદસાઓ (૮) અંતગડદસાઓ (૯) અણુત્તરોવવાઈયદસાઓ (૧૦) પણ્હાવાગરણાઈ (૧૧) વિવાગસુએ (૧૨) દિટ્ઠિવાએ.

અહીં પ્રશ્ન થાય કે ભગવાનની ત્રણ પાટ સુધી ૧૨ અંગસૂત્રરૂપ આગમ જ વિદ્યમાન હતા અને તેની ભાષા અર્ધમાગધી (પ્રાકૃત) હતી, તો ઉપાંગ-મૂળ-છેદ અને આવશ્યક સૂત્રની રચના કોણે, ક્યારે કરી, કોની-કોની રચના આગમ રૂપે પ્રસિદ્ધિ પામી, આગમના નામ સંસ્કૃત ભાષામાં કેવી રીતે આવ્યા ?

તેના ઉત્તરમાં કહી શકાય કે આવશ્યક સૂત્ર, અંગસૂત્રની જેમ જ ભગવાન મહાવીર દ્વારા કથિત અને ગણધરો દ્વારા ગુંથિત છે. અંગસૂત્રનો સ્વાધ્યાય કાળે (પહેલા અને ત્રીજા પ્રહરે) થાય છે. આવશ્યક - પ્રતિક્રમણની આરાધના સવારે અને સાંજે વિકાળ (સંધિકાળ)માં કરવાની હોય છે, તેથી તેને અંગસૂત્રમાં સમાવિષ્ટ ન કરતા, અલગથી જ કથન કર્યું છે. સંક્ષેપમાં દ્વાદશાંગીની રચના સાથે જ આવશ્યક સૂત્રની રચના થઈ છે. ઉપાંગ-મૂળ-છેદ સૂત્રોની રચના

પૂર્વધર આચાર્યો કે સ્થવિર મુનિઓએ કરી છે. ૧૪-૧૩ થી લઈ ૧ પૂર્વના જ્ઞાતા મુનિઓની રચના જ આગમ રૂપે માન્ય ગણાય છે.

વીર સંવત ૭૫મા ચતુર્થ આચાર્ય પદ પર ૧૪ પૂર્વધર આચાર્ય શય્યંભવસૂરિ બિરાજમાન થયા. તેઓએ પોતાના દીક્ષિત પુત્ર બાલમુનિ મનકનું આયુષ્ય અલ્પ છે, તેમ જાણીને બાલમુનિ ૬ મહિનામાં સર્વ શાસ્ત્રના સારને પામીને, સંયમ જીવનને સફળ બનાવી શકે, તે માટે પૂર્વના આધારે દશવૈકાલિક સૂત્રની રચના કરી, તે મૂળ સૂત્રમાં સ્થાન પામ્યું છે. તેમના પછી પૂર્વધર આચાર્યો પ્રસંગોપાત શિષ્યોને અંગસૂત્રોનું જ્ઞાન સુપાચ્ય બને, તે માટે પૂર્વના આધારે નવા-નવા સૂત્રોની રચના કરતા રહ્યાં.

વીર સંવત ૧૦૦ થી ૧૦૦૦ સુધીમાં ઉપાંગ-મૂળ-છેદ સૂત્રોની રચના થઈ હશે, તેવું અનુમાન કરી શકાય છે કારણ કે વીર સંવત ૯૩૦ના આસપાસમાં એક પૂર્વધર દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે નંદીસૂત્રની રચના કરી. નંદીસૂત્રમાં આચાર્યોની આ શ્રુત રચનાઓનો નામોલ્લેખ છે. નંદીસૂત્રમાં ૧૨ અંગ સૂત્રોને અંગપ્રવિષ્ટ શ્રુતમાં અને પૂર્વધર આચાર્યકૃત સૂત્રોને 'અંગબાહ્ય' શ્રુતમાં સમાવિષ્ટ કર્યા છે. નંદીસૂત્રની રચના કાળ સુધી ઉપાંગ, મૂળ-છેદ જેવું વિભાગીકરણ જોવા મળતું નથી. તેમાં કાલિક-ઉત્કાલિક શ્રુત જેવા વિભાગીકરણમાં ૬૦ જેટલા સૂત્રોનો નામોલ્લેખ છે અને આદિ શબ્દથી બીજા અનેક સૂત્રો (આગમ)નો નિર્દેશ છે. વર્તમાનમાં પ્રાપ્ત ૧૨ ઉપાંગ, મૂળ, છેદરૂપ આગમો કયારે નિશ્ચિત થયા તેનો ઈતિહાસ ઉપલબ્ધ નથી પણ આ

બધા જ નામો 'નંદીસૂત્ર'માં દષ્ટિગોચર થાય છે. દેવર્ધિગણિના સમય સુધીની આ સૂત્રોની ભાષા (પ્રાકૃત) રહી. નંદીસૂત્રમાં આ સૂત્રોના નામ પ્રાકૃત શૈલીમાં છે, યથા – (૧) આયારો (૨) સુયગડો (૩) ઠાણં (૪) સમવાઓ (૫) વિવાહપણ્ણત્તી (૬) જ્ઞાયધમ્મકહાઓ (૭) ઉવાસગદસાઓ (૮) અંતગડદસાઓ (૯) અણુત્તરોવવાઈય દસાઓ (૧૦) પણ્હાવાગરણાઈ (૧૧) વિવાગસુયં (દીટ્ઠિવાઓ) (૧૨) ઉવવાઈયં (૧૩) રાયપસેણીયં (૧૪) જીવાભિગમે (૧૫) પણ્ણવણા (૧૬) જંબૂદીવપણ્ણત્તી (૧૭) ચંદપણ્ણત્તી (૧૮) સુરપણ્ણત્તી (૧૯) ણિરયાવલિયાઓ (૨૦) કપ્પવડિંસિયાઓ (૨૧) પુપ્ફિયાઓ (૨૨) પુપ્ફચૂલિયાઓ (૨૩) વણ્હીદસાઓ (૨૪) ઉત્તરજઝયણાઈ (૨૫) દસવેયાલિયં (૨૬) ણંદી (૨૭) અણુઓગદારાઈં (૨૮) ણિસીહં (૨૯) દસાઓ (૩૦) કપ્પો (૩૧) વવહારો (૩૨) આવસ્સયં

આગમ પર વ્યાખ્યાઓની આવશ્યકતા જણાતા આચાર્યોએ વ્યાખ્યાઓ લખી, તેમાં નિર્યુક્તિ, ભાષ્ય પ્રાકૃતમાં છે. ચૂર્ણિ સંસ્કૃત–પ્રાકૃતમાં છે. વૃત્તિઓ (ટીકાઓ)ની ભાષા સંસ્કૃત છે. વૃત્તિકાળ પછી આગમના સંસ્કૃત નામ દષ્ટિગોચર થયા છે.

**પ્રાકૃત–સંસ્કૃત આગમ નામો :** (૧) આયારાંગ સુયં – આચારાંગ સૂત્ર (૨) સૂયગડાંગ સુયં – સૂત્રકૃતાંગ સૂત્ર (૩) ઠાણાંગ સુયં–સ્થાનાંગ સૂત્ર (૪) સમવાયાંગ સુયં – સમવાયાંગ સૂત્ર (૫) વિવાહપણ્ણત્તી સુયં (ભગવઈ સુયં) – વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર

(ભગવતીસૂત્ર) (૬) ણાયધમ્મકહાંગ સુયં – જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર (૭) ઉવાસગદસાંગ સુયં – ઉપાસકદશાંગ સૂત્ર (૮) અંતગડદસાંગ સુયં – અંતકૃતદશાંગસૂત્ર (૯) અણુતરોવવાઈયદસાંગ સુયં – અનુતરોપપાતિકદશાંગ સૂત્ર (૧૦) પણ્હાવાગરણ સુયં – પ્રશ્નવ્યાકરણ સૂત્ર (૧૧) વિવાગ સુયં – વિપાક સૂત્ર, (દિટ્ઠિવાય સુયં–દષ્ટિવાદ સૂત્ર) (૧૨) ઉવવાઈ સુયં – ઔપપાતિક સૂત્ર (૧૩) રાયપસેણિય સુયં –રાજપ્રશ્નનીય સૂત્ર (૧૪) જીવાભિગમ સુયં – જીવાજીવાભિગમ સૂત્ર (૧૫) પણ્ણવણા સુયં – પ્રજ્ઞાપના સૂત્ર (૧૬) જંબૂદીવપણ્ણત્તી સુયં – જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર (૧૭) ચંદપણ્ણત્તી સુયં – ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર (૧૮) સૂરપણ્ણત્તી સુયં – સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર (૧૯) ણિરયાવલિયા સુયં– નિરયાવલિકા સૂત્ર (૨૦) કપ્પવડિંસિયા સુયં – કલ્પાવતંસિકા સૂત્ર (૨૧) પુપ્ફિયા સુયં – પુષ્પિકા સૂત્ર (૨૨) પુપ્ફચૂલિયા સુયં – પુષ્પચુલિકા સૂત્ર (૨૩) વણ્હીદસા સુયં – વૃષ્ણિદશા સૂત્ર (૨૪) ઉત્તરજ્ઝયણાઈં સુયં – ઉત્તરાધ્યયન સૂત્ર (૨૫) દસવેયાલિય સુયં – દશવૈકાલિક સૂત્ર (૨૬) ણંદી સુયં – નંદી સૂત્ર (૨૭) અણુયોગદાર સુયં – અનુયોગદ્વાર સૂત્ર (૨૮) ણિસીહ સુયં – નિશીથ સૂત્ર (૨૯) દસાસુયખંધ સુયં – દશાશ્રુતસ્કંધ સૂત્ર (૩૦) કપ્પ સુયં – બૃહત્કલ્પ સૂત્ર (૩૧) વવહાર સુયં – વ્યવહાર સૂત્ર (૩૨) આવસ્સયં સુયં – આવશ્યક સૂત્ર

# શ્રી આગમ સૂત્ર

**❖ અંગસૂત્ર-૧૧ ❖**

૧) શ્રી આચારાંગ સૂત્ર
૨) શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર
શ્રી સૂયગડાંગ સૂત્ર
૩) શ્રી સ્થાનાંગ સૂત્ર
શ્રી ઠાણાંગ સૂત્ર
૪) શ્રી સમવાયાંગ સૂત્ર
૫) શ્રી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર
શ્રી ભગવતી સૂત્ર
૬) શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭) શ્રી ઉપાસકદશાંગ સૂત્ર
૮) શ્રી અંતકૃતદશાંગ સૂત્ર
શ્રી અંતગડ સૂત્ર
૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર
શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર
૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર
૧૧) શ્રી વિપાક સૂત્ર

શ્રી દૃષ્ટિવાદ સૂત્ર
(ઉપલબ્ધ નથી)

**❖ ઉપાંગસૂત્ર-૧૨ ❖**

૧૨) શ્રી ઔપપાતિક સૂત્ર
શ્રી ઉવવાઈ સૂત્ર
૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર
શ્રી રાયપસેણીય સૂત્ર
૧૪) શ્રી જીવાજીવાભિગમ સૂત્ર
૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર
શ્રી પન્નવણા સૂત્ર
૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૭) શ્રી ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૮) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્ર
૧૯) શ્રી નિરયાવલિકા સૂત્ર
૨૦) શ્રી કલ્પવતંસિકા સૂત્ર
શ્રી કપ્પવડંસિયા સૂત્ર
૨૧) શ્રી પુષ્પિકાસૂત્ર
શ્રી પુપ્ફિયા સૂત્ર
૨૨) શ્રી પુષ્પચૂલિકાસૂત્ર
શ્રી પુપ્ફચૂલિયા સૂત્ર
૨૩) શ્રી વૃષ્ણિદશા સૂત્ર
શ્રી વહ્નિદશા સૂત્ર

**❖ મૂળસૂત્ર-૪ ❖**

૨૪) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
૨૫) શ્રી દશવૈકાલિક સૂત્ર
૨૬) શ્રી નંદી સૂત્ર
૨૭) શ્રી અનુયોગદ્વાર સૂત્ર

**❖ છેદસૂત્ર-૪ ❖**

૨૮) શ્રી નિશીથ સૂત્ર
૨૯) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર
૩૦) શ્રી બૃહત્કલ્પ સૂત્ર
૩૧) શ્રી વ્યવહાર સૂત્ર

૩૨) શ્રી આવશ્યક સૂત્ર

**પ્રકાશક**

શ્રીમતી સોનલબેન યોગેશભાઈ અજમેરા   શ્રીમતી પારૂલબેન કેતનભાઈ અજમેરા
શ્રીમતી સ્મિતાબેન મિલનભાઈ અજમેરા

**સૌજન્ય**

અમ આત્મશુદ્ધિના પ્રેરક, શ્રદ્ધા-ધ્યાન માર્ગના માર્ગદર્શક તથા અમ કલ્યાણમિત્ર પૂ. પિતાશ્રી સ્વ. રસિકલાલ ચંદુલાલ અજમેરાની સ્મૃત્યર્થે
માતુશ્રી વિજયાબેન રસિકલાલ અજમેરા
સુપુત્રોઃ સ્વ. શ્રી યોગેશભાઈ રસિકલાલ અજમેરા
શ્રી કેતન રસિકલાલ અજમેરા   શ્રી મિલન રસિકલાલ અજમેરા
શ્રીમતી હિના નિમેષ કોઠારી

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી મિલન અજમેરા
૧૦૦૧, જુહુ અંકુર, ગુલમોહર ક્રોસ રોડ નં. ૧૦, જેવીપીડી સ્કીમ,
સુજય હોસ્પીટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૪૯. Mob.: 9322401398

શ્રી બકુલભાઈ કોઠારી
બકુલ ઓપ્ટીકલ્સ,
૨૦, ન્યૂ જાગન્નાથ મેઈન રોડ,
રાજકોટ, Mob.: 9824312269

પાવનધામ
BCCI ગ્રાઉંડ પાસે, પાવનધામ માર્ગ,
કાંદીવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭
Mob.: 93230 04544/9619596869

**પરમ પ્રિંટર્સ** – 9825193988

◆ કિંમતઃ રૂ. ૩૦૦/-   ◆ શ્રુત સેવાર્થે કિંમત રૂ. ૧૦૦/-